Date:- 17-09-2024
Divya Bhaskar, Page-3, Surat

# નવી ટર્મના 100 દિવસમાં 10 ગેરંટી પૂર્ણ કરી

**વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સરકાર ના100 દિવસનો હિસાબ રજૂ કરતા કહ્યું હતું કે,15,000 કરોડથી વધુના રોડ, પોર્ટ, રેલવે, રોજગાર, મેટ્રો,ખેડૂતો માટેની વિવિધ યોજનાઓના ખાત મુહૂર્ત, ઉદ્‌ઘાટન અને જાહેરાત કરવામાં આવી છે.**

- ચૂંટણી દરમિયાન ત્રણ કરોડ નવા ઘરો બનાવવાની ગેરંટી આપી હતી, તેના પર કામ થઈ રહ્યું છે. આજે ગુજરાતમાં અનેક પરિવારોને પોતાનું ઘરનું ઘર મળ્યું છે.
- ફેક્ટરીમાં કામ કરનાર લોકો માટે વિશેષ આવાસ વર્કિંગ વિમેન માટે નવી હોસ્ટેલ પણ બને છે.
- 70 કે તેથી વધુની ઉંમરના તમામ લોકોને 5 લાખ સુધીની નિશુલ્ક સારવારની ગેરંટી પૂરી કરવામાં આવી છે.
- છેલ્લા 100 દિવસમાં યુવાનો માટે નોકરી, સ્વરોજગાર, કૌશલ્ય વિકાસ જેવા ક્ષેત્રોમાં મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા છે. યુવાનો માટે રૂ. 2 લાખ કરોડનું પીએમ પેકેજ જાહેર કરવામાં આવ્યું છે, જેનો ફાયદો ચાર કરોડથી વધુ યુવાનોને થવાનો છે.
- આજે મુદ્રા લોનમાં 10 લાખ સુધીની લોન ને વધારીને હવે 20 લાખ સુધીની કરવામાં આવી છે.
- દેશની માતા અને બહેનોને કેન્દ્ર સરકારે ગેરંટી આપી હતી કે, દેશમાં 3 કરોડ લખપતિ દીદી બનાવવામાં આવશે. જેમાં છેલ્લા એક વર્ષમાં 1 કરોડ અને ત્રીજી ટર્મમાં માત્ર 100 દિવસમાં જ 11 લાખ નવી લખપતિ દીદી બનાવી છે.
- કેન્દ્રએ તેલીબિયાં પકવનારા ખેડૂતોને એમએસપીથી પણ વધુ ભાવ આપવાનો નિર્ણય કર્યો છે. સાથે જ, સરકારે વિદેશી તેલની આયાત પર ડ્યુટી વધારી છે. સોયાબીન અને સૂર્યમુખીની ખેતી કરતા ખેડૂતોને તેનો લાભ મળશે.
- બાસમતી ચોખા અને ડુંગળીની નિકાસ પરનો પ્રતિબંધ પણ હટાવી લેવાયો છે, જેથી વિદેશમાં ભારતીય ચોખા અને ડુંગળીની માંગમાં વધારો થશે.
- અમદાવાદ સહિત દેશના અનેક શહેરોમાં મેટ્રોના વિસ્તરણનું કાર્ય ઝડપભેર આગળ વધી રહ્યું છે. અમદાવાદ અને ભૂજ વચ્ચે ‘નમો ભારત રેપિડ રેલ’ની શરૂઆત થઈ રહી છે. આવનારા સમયમાં દેશનાં અન્ય શહેરો પણ નમો ભારત રેપીડ રેલથી કનેક્ટ થશે.
- વંદે ભારત ટ્રેનના નેટવર્કને ઝડપથી વિકસાવવામાં પાછલા 100 દિવસમાં વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે. 15થી વધુ રૂટ પર નવી વંદે ભારત ટ્રેનો શરૂ કરાઈ. 15 સપ્તાહમાં દરેક સપ્તાહમાં એક વંદે ભારત ટ્રેન શરૂ કરવામાં આવી છે. 125થી વધુ વંદે ભારત ટ્રેન દેશમાં હજારો લોકોને બહેતર સફરનો અનુભવ કરાવશે.